મુંબઈ સમાચાર

મુંબઈ • શુક્રવાર • તા. ૯-૯-૨૦૧૧ • ૧

Regd. No. MH/MR/South-114/2009-11



# દોઢ લાખ મૂર્તિનાં ઘડવૈયા

**આંખે** પાટા બાંધીને ગણેશમૂર્તિનું સર્જન કરનાર રમા શાહના નામથી હવે મુંબઈગરા ખાસ્સા પરિચિત છે. ૨૦૧૦ સુધીમાં ગણપતિની સવાલાખ મૂર્તિઓ બનાવ્યા પછી આ વર્ષે બીજી ૨૫,૦૦૦ મૂર્તિઓ બનાવીને તેમણે નવો રેકોર્ડ સર્જ્યો છે. આ વર્ષે તેમને હેન્ડમેડ ગણપતિ બનાવવા માટે 'લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ' નું સર્ટિફિકેટ મળ્યું છે અને તેમને 'ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ' માં પણ સ્થાન મળ્યું છે.

''મૂર્તિ બનાવવા માટે શંખ, કટિંગ કરેલા માર્બલના સ્ટોન, મુર્જાગેટ નામનો નેચરલ પથ્થર, વેસ્ટેજ વૂડનું કટિંગ જેવી ચીજોનો હું ઉપયોગ કરું છું. મને વૃક્ષ નીચે બેઠેલા, ગાય પાસે ઊભેલા ગણપતિ બનાવવાનું ખૂબ મન થાય છે, પરંતુ આવી મૂર્તિ આખા દિવસ દરમ્યિાન એક જ બને છે અને આ વર્ષે મારે દોઢ લાખ મૂર્તિઓ બનાવવી જ હતી માટે આવી મૂર્તિઓ બનાવવાનું ટાળ્યું હતું.'' કહે છે રમા શાહ.

તેઓ મૂર્તિઓમાં વપરાયેલા મટિરિયલના જ પૈસા લે છે, મૂર્તિ બનાવવાના નહીં, ભક્તો પોતાની ઈચ્છા અને શ્રધ્ધા મુજબ રૂપિયા મૂકી જાય છે. એક નાની મૂર્તિ બનાવવા માટે ૨૫ રૂપિયાનો ખર્ચ આવે છે અને આ ભંડોળમાં આવેલા પૈસાનો ઉપયોગ તેઓ ફક્ત મૂર્તિઓ બનાવવા જ કરે છે.

મૂર્તિ બનાવતી વખતે તેઓ ભગવાનની પ્રાર્થના અને શ્લોક બોલે છે. ૨૦૦૦ ની સાલથી આ મૂર્તિઓ કોઈ પણ બીબા વગર હાથથી બનાવે છે અને ગણપતિજીની આ મૂર્તિ અનબ્રેકેબલ અને વોશેબલ હોય છે.

તેઓ ઉમેરે છે કે તેમના ગણપતિ લઈ જનારાનાં બધાં જ કાર્યો પૂરા થાય છે એ જાણીને મને વધારે ખુશી થાય! નારીરત્ન એવોર્ડથી સન્માનિત રમા શાહ ખરેખર જ ગણેશજીને સમર્પિત છે અને એ શ્રધ્ધા જ તેમને વધુને વધુ મૂર્તિ બનાવવા પ્રેરે છે. ■



## ક્લાસિક 30s

ફેશન ફંડા
કેતકી દેસાઇ



**રેડ** કાર્પેટ ઉપર ઐશ્વર્યાને જુઓ કે કોઈ પ્રિમિયરમાં કેટરીનાને સેંથી પાડીને દરિયાની લહેરવાળી હેરસ્ટાઈલમાં જોવા મળે. જ્વેલરી બુટીકમાં આવેલી દીપિકા પદુકોણ ને ફેશન સ્ટાઈલ અને સેલિબ્રિટીનાં દિલ્હીમાં યોજાયેલ કોઈક ફંકશનમાં નેહા ધૂપિયા કપાળથી ઉપર વાળમાં જાણે ફુગ્ગો લીધો હોય એટલા પફવાળી સ્ટાઈલ સાથે જોવા મળી જાય ત્યારે યાદ આવી જાય ૧૯૪૦ થી ૧૯૫૦નો સમય. લીઝ ટેલર, દેવિકા રાણી, નસીમ બાનો, ક્વીન એલિઝાબેથ કે ગાયત્રીદેવી દરેકની હેરસ્ટાઈલ આવી દરિયાની લહેરો જેવી ને પફવાળી જોવા મળતી. સ્ટાઈલ, કટ અને ટ્રેન્ડ સાથે 'હેરલૂક' બદલાતો ને રજૂ થતો રહે છે, અનુકરણ કરનારને માટે તો કરન્ટ સ્ટારની સ્ટાઈલ અપનાવવાની સરળ ઈચ્છા એ આકર્ષણ હોય છે. ભૂતકાળમાં આપણા દાદી, નાની આવા અલગ માથા ઓળવામાં ને રજૂ કરવામાં માહેર હતા એ હકીકતથી આપણે અજાણ જ રહીએ છીએ. સરોજિની નાયડુ ને કસ્તુરબા એ સમયે સામાન્યત્ આવા વેવ જેને એ સમયમાં ગુજરાતીમાં બાબરી પાડીને 'ફુગ્ગો લઈને'ને કે દાંતિયાને થોડા થોડા અંતરે ઊંધી સાઈડથી દબાવીને લહેર બનાવીને લેવાતા ઢાળને તેલ નાખીને રજૂ કરવામાં જેતપુર નગરશેઠના પુત્રવધૂ માહેર તો ગણાતાં જ સાથે અલગ અલગ અંબોડાએ ને ચોટલાંઓની સ્ટાઈલ લેવામાં પણ પાવરધાં હતાં.

બસ ફરીને આજ સ્ટાઈલ ને સમાન્યત્થી રેડ કાર્પેટ સુધી રજૂ કરવામાં આવી રહી છે.

(૧) વેવી સ્ટાઈલમાં વાળને મુલાયમ ચમકીલી લહેર જેવી સ્ટાઈલમાં એટલે કે ખુલ્લા રાખીને જ તો, રજૂ કોઈપણ સ્ટાઈલવેર સાથે નહીં, પણ પાશ્ચાત્ય ઢબના લોન્ગ ડ્રેસીસ, લોન્ગ ગાઉન્સ, સાડી, શોર્ટ લેસી ડ્રેસ કે ફ્લેરી વેસ્ટર્ન ડ્રેસ સાથે રજૂ કરાય તો શ્રેષ્ઠ લૂક આપે છે. અહીં ઉંમરનો તફાવત જરૂરી નથી. ફક્ત એવી કોઈપણ સ્ટાઈલ સારી જ લાગે, પણ જો તને તમારે માટે યોગ્યતાનું બિરુદ મળેલું હોય!! (૨) બેક કોમ્બિંગ અર્થાત્ વાળના અમુક પાર્ટને સીધો ઓળીને અંદરની સાઈડ યોગ્ય રીતે વધુ ને વધુ ગૂંચ (બેક કોમ્બીંગ) પાડવામાં આવે છે અને બહારની સાઈડ ફરીથી સરળ ઓળીને પીન મારતી વખતે જરાક ટ્વીસ્ટ અપાય છે. આમ બેક કોમ્બિંગ કરવા વાળ ફ્રન્ટથી અને બંને સાઈડ વેઝથી લઈ શકાય છે. કૃષ્ણા કપૂર, બેનઝીર ભુટ્ટો, સાયરાબાનુને યાદ કરી શકાય. આ બેક કોમ્બિંગ જેમની સિલ્કી અને પાતળા વાળ હોય તેમણે ટાળવું, વાળ તૂટશે. જેમની હાઈટ ઓછી હોય તેમણે ફ્રન્ટ સાથે બેક કોમ્બિંગ પસંદ કરવું. બેક કોમ્બિંગમાં સૌથી અગત્યના ફીચર્સ હોય છે. એ પ્રમાણે જ બેક કોમ્બિંગ સેન્ટર કે સાઈડ અને ઓછું કે વધુ એમ લઈ શકાય છે! એ સાથે ટાઈડ હોલ્ડ કરી શકે તેવી હેરપીન્સ જરૂરી હોય છે. ઓપન હેરમાં, પોની ટેઈલ કે હાફ પોની ટેઈલમાં આ બેક કોમ્બિંગ લઈ શકાય છે એવી જ રીતે કોઈપણ હેર સ્ટાઈલમાં આ બેક કોમ્બિંગ પાર્ટ સામેલ કરી શકાય છે. ★ સમયની સાથે બદલાતા ક્લાસી લૂકને અપનાવતા વ્યક્તિગત સંપૂર્ણતા ચેક કરવી જરૂરી બને છે. અર્થાત્ કયા સ્ટાઈલ વેર સાથે આ સ્ટાઈલ સંયોજો છો. તમારી હાઈટ અને ચહેરા સાથે તેનું સંયોજન સુંદર પ્રતિબિંબ આપે છે! ★ દિવસના સમયે બેક કોમ્બિંગ ફક્ત બ્રાઈડ ને ટ્રેડિશનલ તૈયાર કરવામાં કરી શકાય, અન્યથા અન્ય ડ્રેસ અને પાર્ટી વેર સાથે સાંજે જ લઈ શકાય. ★ બેક કોમ્બિંગ કે વેવ, જે પણ લેવું હોય તેમાં ફક્ત સંપૂર્ણ તો ત્યારે જ રજૂ કરી શકાય, જ્યારે તમે તે લેવામાં કે બીજા પાસે કરાવો કે પછી ચોક્કસ નીટ વર્ક કરી શકો!!! ★ બેક કોમ્બિંગ ખોલવા માટે મોટા દાંતાવાળો કાંસકો જરૂરી હોય છે. ગૂંચ કાઢયા પછી, સ્પ્રે હોય તો હેર વોશ કરવો જરૂરી અન્યથા ઓઈલ મસાજ ચાલી જાય. ★ બેક કોમ્બિંગ વખતે સ્પ્રે વાપરવું હોય તો તે સારી બ્રાન્ડનું વાપરવું જરૂરી હોય છે. ■

# નોકર કે મહારાણી

કાફેટેરિયા
મીનળ દીક્ષિત



**સાત** વર્ષની સીતાને બરાબર યાદ છે દિલ્હીના પરાંમાં નાનકડા ઘરમાં રહેતી. મા ઘરનું કામ પતાવી ચાર-પાંચ ઘરનું કામ કરતી. કચકચ સાંભળતી મહિનાને અંતે હાથમાં આવતી કમાણી રૂ. ૧૦૦. આજે સીતા દિલ્હીમાં રહે છે. માલિકણનો એક શબ્દ સાંભળતી નથી ને મહિનાને અંતે ખાસ્સા રૂ. ૨૦૦૦ કમાઈ લે છે.

આ નાનકડી વાત મહાનગરોમાં પડતી ઘરકામવાળીઓની ખોટ સૂચવે છે. નાના હતા ત્યારનું બાઈઓનું ચિત્ર. જે કહીએ તે કામ કરી નાખે. ચૂપચાપ વર્તે, જૂની સાડી આપીએ તો સ્વીકારી લે ને વળી આભાર પણ માને. એ હવે શરતો કરી કામ કરતી, બીજા ફાયદાઓ, નાસ્તો, બહાર ફરવા જવાની શરત, દરેક કામના જુદા પૈસા માગતી થઈ ગઈ છે. આજની બાઈઓ થોડી શિક્ષિત છે, સમજુ પણ ખરી. હક્ક મુજબ અમુક તહેવારે સાડી માગતી, ચોક્કસ પગાર માગતી, શેઠાણીઓથી દબાતી, ગભરાતી બાઈ રહી નથી. સાપ્તાહિક રજા રૂઆબ અને હક્કથી માગે છે. પોતાના અધિકારોથી માહિતગાર અધિકારની રૂએ માગે છે. આજની નોકરી કરતી સ્ત્રીની ગરજ એ સમજી ગઈ છે. 'ગણપતિ મઘી ગામ જાણાર' પહેલેથી જ કહી દે છે. રજા લેવા રોકાતી નથી. માગી જ લે છે. એમાં એને શરમ નથી લાગતી.

માર્કેટિંગ એક્ઝિક્યુટીવ તરીકે કામ કરતી માલાને સાંભળીએ. બે વર્ષ પર પરણીને મુંબઈ આવી છે. 'બાઈ શોધતાં નાકે દમ આવી ગયો. શરૂઆતમાં બે-ત્રણ આવી ગઈ. એકે મને કહ્યું કે એને ટીવી જોવા આખી બપોર જોઈશે. એ દરમિયાન કોઈ કામ નહીં કહેવાનું. બીજી ગાતી જ રહેતી એ મારા પાઉડર ક્રીમનો પણ ઉપયોગ કરતી. આખો દિવસ સજવામાં જ જતો. વારે વારે આરસીમાં જોઈ છેડો આમ ખોસે તેમ ખોસે. ત્રીજી વળી બે કલાક એના પ્રેમીને મળવા જતી. દરેક સાંજે જાય, ત્યારે તમે એને ના કહી ન શકો.

આજે ત્રણ વર્ષે આખો દિવસની નહીં, પણ સવારથી સાંજ સુધીની મળી ગઈ છે. કામ ચાલે છે. ફક્ત સારી બાઈ મેળવવાની માથાફોડ નહીં, એને ખુશ રાખી ટકાવી રાખવી, એ બીજું જંજાળ છે.

નમિતાનો અનુભવ રસિક છે. એને ૪૦ વર્ષની સારું કામ કરતી બાઈ મળી. છોકરાની પણ સંભાળ રાખતી. પોતે ટીવીમાં ન્યૂઝ ચેનલ પર કામ કરતી હોવાથી આવવા-જવામાં અનિયમિતતા રહેતી પણ એક વિચિત્ર ટેવ, અઠવાડિયે એકવાર એણે દારૂ પીવા જોઈએ. ગરજના માર્યા એ પણ ચલાવી લેવું પડતું. એને જ્યારે રજા મળે ત્યારે અઠવાડિયામાં એકવાર એનો શોખ પૂરો કરતી. વધુ ને વધુ સ્ત્રીઓ મોટા પગારની નોકરી ઘણા કલાકો માટે કરતી થઈ ને તેથી આયા, રસોઈયણની જરૂર પડવા માંડી. તાજેતરમાં દિલ્હીમાં આ વિષય પર સર્વેક્ષણ થયું. તેમાં ચોંકાવનારી વાતોનો સમાવેશ થયો છે. પહેલાં ૯૧ ટકા ગૃહિણીઓ ઘરનું કામ કરતી, આજે એ ઘટીને ૭૧ ટકા છે. આ આંકડો ૨૦૧૦નો છે એટલે વર્ષભરમાં આંકમાં વધુ વધ્યો હશે. છેલ્લા દસકામાં નોકરી કરતી સ્ત્રીઓની આવક બેવડી થઈ ગઈ છે. આને કારણે સ્ત્રી બહાર કામ કરવા લલચાય છે. ને બાઈઓની માગ વધી છે.

વર કે સાસુની સાથે આધુનિક સ્ત્રી બાંધછોડ કરતી નથી, પણ બાઈને ખુશ કરવા એને ગમે તે કરવા તૈયારી બતાડે છે. કારણ સીધું છે. પતિ રિસાય તોયે ઘરે આવી જ જવાનો. બાઈ કામ છોડી ચાલતી પકડે, તો? દાખલા તરીકે અમારી ઓફિસની અરોરા ક્યારેક સિનેમા, તો ક્યારેક મોલમાં ખરીદી માટે બાઈને લઈ જાય છે. ને મંદા તો દાળમાં મીઠું વધારે પડ્યું હોય, તોયે કહેતા અચકાય છે. ક્યારેક વધારે પડતું પાણી ચોખામાં હોય કે ક્યારેક કાચો ભાત હોય, ક્યારે ગુસ્સો ચડ્યો હોય, તોયે ચૂપચાપ ખાઈ લે, ધીરેથી પછી સમજાવવામાં આવે. ગામમાં નોકરો માટેની એજન્સીની જાહેરખબરો જોઈ સહેજે ખ્યાલ આવી જ જાય છે. મોટા ભાગના લાભ લેનારાઓનો અનુભવ છે કે એની વ્યવસ્થા બરોબર નથી હોતી અને પૈસા પણ ઘણા માગે છે. દિવસના ૨૦૦ રૂપિયા આપવાના હોય છે ને એજન્ટની દલાલી જુદી. થોડા વખતમાં જ આ બાઈઓ ચાલતી થાય છે. આ બાઈઓ ક્યાં તો બેજવાબદાર કે અપ્રામાણિક હોય છે. નિયમિત નથી આવતી અને એના નખરા સમાલતા નાકે દમ આવી જાય છે. એક શાળાની આચાર્યાનો અનુભવ છે કે બાઈ અમુક કંપનીનો નહાવાનો સાબુ કે માથાનું તેલ માગતી, દાંત ઘસવાની ટૂથપેસ્ટ પણ. આ બધું જલદી ખલાસ થઈ જાય ને તરત જ નવું લાવવાનો હુકમ.

પુનિતાનો અનુભવ જાણીએ. એજન્સીએ દલાલીના રોકડા રૂ. ૧૫૦૦૦ લઈ લીધા, પણ બાઈ આવી જ નહીં. ફોન નંબર ને સરનામું ખોટું નીકળ્યું. ટૂંકમાં આજની નોકરી કરતી ગૃહિણીને નોકર વગર ચાલવાનું નહીં ને બાઈઓ એનો ફાયદો ઉઠાવે છે. ઘરમાં રહી આખો દિવસ ટીવી કે ફોન કર્યા જ કરે ને બિલ વધારે. પોતાના ચાર મિત્રોને બોલાવી ચા-નાસ્તો કર્યા જ કરે. છતાં, પણ આ બધાને અંતે તમે આવો ત્યારે સાફ સુથરું ઘર હોય ને તમારું ચા-નાસ્તાથી સ્વાગત કરે, તો તમે નસીબદાર.

આ તો ચોર નહીં એવી બાઈઓની વાત કરી. ઘરમાં હાથ મારી જાય કે દૂધ-મલાઈ ખાઈ જાય એવી તકલીફ થાય, તે અલગ રીતે સહન કરવાની હવે સંગઠનો પેન્શન માગવા સુધી પહોંચી ગયા છે ને અનેક ખાડા કરતી- ચોરી કરતી બાઈઓની વાત નથી કરતા. થાય છે કે જો સ્ત્રીઓ આગળ વધે એ દિશામાં કાર્ય કરવા સ્ત્રી સંસ્થાઓ માગતી હોય તો તેઓએ તાકીદે આ પ્રશ્ન હાથ ધરવો જોઈએ. બપોરે ઘરના જેવું ભોજન ને બાળ ઉછેરમાં મદદ કરે તો એક કાંકરે બે પક્ષી મરે. નીચલા ઘરની સ્ત્રીઓને આવક થાય ને કામ મળે. વધુ ભણેલી સ્ત્રીઓને હાશ થાય, પણ એ સુભગ દિવસ ક્યારે આવશે?

(સંપૂર્ણ) ■

# હોમ સ્ટાઈલ ફન્ડા

સજાવટ
નલિની મહેન્દ્ર





**જરૂરિયાત** અને સજાવટ માટે ઘરના લિવિંગ રૂમમાં ફર્નિચર એવું ને એવું વર્ષો સુધી જળવાઈ રહે અને ક્યારેક એવી રીતે વપરાયું હોય કે જાણે તેમાં જાન જ ન હોય, ઝાંખુ, જૂનું, બિસ્માર.

ફર્નિચરમાં વપરાયેલાં લાકડાંની દરેકની જરૂરિયાત અને સંભાળ અલગ અલગ હોય છે. પ્લાયવુડ, સાગ કે મહોગની. કોઈકની સંભાળ વિશેષ તો કોઈકની સામાન્ય.

વપરાશનો ગ્રાફ કેટલો ને કેવો રહેશે એ પ્રમાણે ફર્નિચરની પસંદગી કરવી જોઈએ. સાથે સાથે ઘરમાંના સભ્યોએ તેની વાપરવાની અને ખસેડવાની રીતમાં પરિવર્તન લાવવું જરૂરી હોય છે.

(૧) જૂનાં થયેલાં મોજાંની જોડી ફર્નિચર સાફ કરવામાં લેવા સાથે તેને પોલીશમાં બોળીને પોલીશ લગાવીને પછી તેનાં જ વડે સાફ કરવામાં ખાસ વાપરી શકાય છે. (૨) ચાનાં કૂચાનું પાણી લાકડાંનાં ફર્નિચર માટે શ્રેષ્ઠ છે. ચાનાં પાણીમાં બોળેલાં કપડાંથી લૂછ્યા બાદ ભીના કપડાંથી ફરીને લૂછવું. (૩) ઝાંખું થયેલું ફર્નિચર ચમકાવવા માટે સરખા ભાગે વિનેગર, શિંગતેલ, અને ટર્પેન્ટાઈન મિક્સ કરીને આ સોલ્યુશન ખૂબ હલાવવું. પાતળાં મુલાયમ કપડાંથી લગાવવું. (૪) લેમન ઓઈલ અને ટર્પેન્ટાઈન બન્ને સરખા ભાગે મિક્સ કરીને ઉપર લગાવવું, વધારાનું તેલ ભીના કપડાંથી લૂછી નાખવું. ત્યાર પછી ઉનનાં કપડાંથી ઘસીને પોલીશ કરવું.

* મેહોગની ફર્નિચરની કાળજી સરળ અને સાદી જ છે. લીનસીડ ઓઈલને ઉકાળી તે સાવ ઠંડુ થાય કે તેમાં થોડું વિનેગર મિક્સ કરી આ સોલ્યુશન બધે ઘસીને લગાવવું, વધારાનું તેલ ભીના કપડાંથી લૂંછી લેવું અને પછી સૂકાં કપડાંથી ઘસીઘસીને પોલીશ કરવું. અન્યથા લેમન ઓઈલ વડે સાફ કરી સૂકાં કપડે લૂંછવું. * કેરોસીનથી એડહેસીવ ટેપનાં ડાઘ જઈ શકે છે. થોડાં ભીનાં કપડાંમાં થોડું વિનેગર નાખી એ કપડું સૂકું કરવું. અર્થાત બરાબર નીચોવીને ફર્નિચર ઉપર હાથેથી કપડાં દ્વારા ઘસવું. ત્યારબાદ ફર્નિચર ક્રીમથી પોલીશ કરવું. * ફર્નિચર ઉપર ડાઘ, ચીકણાં હાથની છાપ પડી હોય તો જરાક ભીનાં કપડાંમાં થોડું ઓલીવ ઓઈલ લઈ તેનાથી સાફ કરવું. * ફર્નિચર ઉપર ડાઘ, ચીકણાં હાથની છાપ પડી હોય તો જરાક ભીનાં કપડાંમાં થોડું ઓલીવ ઓઈલ લઈ તેનાથી સાફ કરવું.* મહોગની ફર્નિચર ઉપર ડાઘ છાપ સાફ કરવા માટે પાણી અને વિનેગરનાં મિશ્રણ ને જરાક ગરમ કરી તેમાં કપડું બોળી, નિચોવી સાફ કરી શકાય અને ત્યાર પછી તરત જ પોલીશ કરવું. * કોઈપણ ફર્નિચર ઉપર કાગળ ચોંટી ગયો હોય કે કોઈપણ પેપરનાં પીસની છાપ થઈ જાય તો પાણીને બદલે જરાક ઓલીવ ઓઈલથી સાફ કરી લેવું. * મુલાયમ, ચમકતી ફર્નિચરની સપાટી ઉપર રૂટીનમાં અનેકવખત પાણીનાં ગ્લાસ, ગરમ પ્લેટ્સ, પરફ્યૂમ કે આલ્કોહલથી સફેદ છાપ પડી જાય છે, જે કાઢવી અઘરી હોય છે. છાપ પડી હોય ત્યાં થોડું મીઠું ભભરાવવું અને પછી શાકનાં બાફેલાં પાણીમાં કપડું બોળીને નીચવી ને તેનાથી ઘસવું. * મહોગની લાકડા ઉપર જો આવી છાપ પડે તો તેને કાઢવી બહુ અઘરી હોય છે. આવું થાય ત્યારે એ જગ્યાએ પેટ્રોલિયમ જેલીનું ઘટ્ટ સ્તર લગાવી બરાબર ફેલાવી હાથ લગાવ્યા વગર ૪૮ કલાક રહેવા દેવું સરળ છે, અને પછી ભીના કપડાંથી લૂછી લેવું.

ફર્નિચર મોંઘું ને સ્ટાઈલીશ લઈ સજાવી દેવું સરળ છે, પણ તેને જાળવીને વાપરવું અને નવા જેવું જ લાંબો સમય રાખવું ભારે કુનેહ માગી લે છે. ફર્નિચર સ્થિતિ પરથી ઘરના લોકો રીતભાત અને માનસિકતા છતી થાય છે. ■

C-1 M1 Y1 K1